જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૫/૨૦૧૯ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૭૫૭/૧૯**

## ચાંદલોડીયા, સોલા તથા ચાંદખેડા વિસ્તાર માંથી છરા જેવા પ્રાણઘાતક હથિયાર બતાવી લૂંટ તથા ચોરીના ગુનાઓ કરતા રીઢા ઇસમોને ઝડપી પાડી લૂંટ તથા ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ સાહેબ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ. જે આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી ડી.બી.બારડ નાઓના માર્ગદર્શન હેઠળ સ્કોડના પો.સબ.ઇન્સ. શ્રી એસ.જે.દેસાઇ તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં તા.૦૨/૦૫/૨૦૧૯ ના રોજ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સ્ટાફના અ.હેડ કોન્સ. બટુકસિંહ ચન્દ્રસિંહ તથા લોકરક્ષક દિક્ષીતકુમાર મહેન્દ્રભાઇ નાઓને મળેલ બાતમી હકિકત આધારે ચાંદલોડીયા, સિલ્વર સ્ટાર ચાર રસ્તા ખાતે વોચ રાખવામાં આવેલ. વોચ દરમ્યાન ગોતા તરફથી બાતમી મુજબના એક્ટીવા તથા હોન્ડા સાઇન મોટર સાયકલ ઉપર બે ઇસમો આવતા જણાતા તેઓને વાહનોના ટ્રાફીક વચ્ચે વ્યુહાત્મક રીતે રોકી લઇ તેઓ પાસેથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ-૨ તથા તેઓના કબ્જામાંના વાહનો અંગે પુછપરછ કરતા ગલ્લા તલ્લા કરી કોઇ સંતોષકારક જવાબ નહી આપતા કિંમત રૂ.૪૫,૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરી ઉપર મુજબના વાહનો ચલાવી લઇ આવનાર (૧) કેતન ઉર્ફે કિશન જયંતીભાઇ બારોટ, ઉ.વ.૨૨, રહે. મકાન નં.૪, સંત રોહિતદાસ સોસાયટી, વિભાગ-૧, અર્બુદાનગરની બાજુમાં, ચાંદલોડીયા, અમદાવાદ શહેર. મુળ રહે. લખતર પરામાં, તા.લખતર, જી.સુરેન્દ્રનગર (૨) દિપક ઉર્ફે દિપુ મોહનભાઇ મુરજાની (સિંધી) ઉ.વ.૨૩, રહે.મકાન નં.૨૪૪, રામદેવનગર, નાગરવેલ હનુમાન મંદિરની બાજુમાં, બાપુનગર, અમદાવાદ શહેર વાળાઓની ધરપકડ કરવામાં આવેલ છે.

**<u>સદર બંને આરોપીઓ અગાઉ સોલા પોલીસ સ્ટેશન, રાણીપ પોલીસ સ્ટેશન ખાતે લુંટ તથા મારા મારીના ગુનાઓમાં પકડાયેલ છે તેમજ સદર બંને ઇસમો અગાઉ જુદી જુદી જેલોમાં પાસા અટકાયતી તરીકે રહેલા છે.</u>**

સદર બંને ઇસમોની પુછપરછ કરતા નીચે મુજબની વિગતે ગુના કરેલ હોવાની હકીકત તેમજ આ ગુનાઓ આચરવામાં તેઓના મિત્રો (૧) જયંતી પ્રવિણભાઇ પરમાર રહે. ૯/૯૯, રાજીવનગર, જનરલ હોસ્પિટલની બાજુમાં, રખીયાલ તથા (૨) વિજય ઉર્ફે વિજીયો ઉર્ફે કાળીયો અશોકભાઇ ઠાકોર રહે. ૫૮, હરદાસનગરની ચાલી, જનરલ હોસ્પિટલની સામે, બાપુનગર અમદાવાદની સંડોવણી હોવાનું ખુલવા પામેલ છે.

1. આજથી આશરે એક માસ પહેલા કિશન તથા દિપક ઉર્ફે દિપુએ રાત્રીના આશરે એક વાગ્યાના સુમારે ચાંદલોડીયા, રાધીકાપાર્ક સોસાયટીના ત્રણ અલગ અલગ મકાનના ધાબા ઉપરથી સેમસંગ કમ્પનીનો મોબાઇલ ફોન, રોકડ રકમ સાથેના બે અલગ અલગ બે પાકીટની ચોરી કરેલ છે.
2. આજથી આશરે એક મહિના પહેલા ચાંદલોડીયા, ગાયત્રીનગર ગરનાળા ખાતે રાત્રીના આશરે બારેક વાગ્યાના દરમ્યાન એક ઓટો રીક્ષા ચાલકને રોકી તેની પાસેથી રોકડ રૂ.૨૦,૦૦૦/- ની લુટ કરેલ છે.
3. આજથી આશરે પચ્ચીસ દિવસ પહેલા ચાંદલોડીયા ગરનાળા પાસે આવેલ દુર્ગા સ્કુલ ખાતે રાત્રીના આશરે નવેક વાગ્યા દરમ્યાન એક ભાઇ ચાલતો આવતો હતો તેને રોકી તેની પાસેથી એક મોબાઇલ ફોન તથા રોકડ રૂ.૧૭૦૦/- ની લુટ કરેલ છે.
4. આજથી આશરે વીસ બાવીસ દિવસ પહેલા ચાંદલોડીયા ગરનાળા પાસે આવેલ દુર્ગા સ્કુલ ખાતે રાત્રીના આશરે સાડા બારેક વાગ્યા દરમ્યાન એક ભાઇ ચાલતો આવતો હતો તેને રોકી તેની પાસેથી રોકડ રૂ.૨૫૦૦/- ની લુટ કરેલ છે.
5. આજથી આશરે વીસેક દિવસ પહેલા નિર્ણયનગર ટાવર, આર.સી.ટેકનીકલ રોડ ખાતે આવેલ પેટ્રોલ પંપની પાસે રાત્રીના આશરે દોઢેક વાગે એક ઇસમને રોકી તેની પાસેથી રોકડ રૂ.૩૦,૦૦૦/- ની લુટ કરેલ છે.
6. આજથી આશરે વીસ દિવસ પહેલા ચાંદલોડીયા ગરનાળા પાસે આવેલ દુર્ગા સ્કુલ ખાતે રાત્રીના આશરે નવેક વાગ્યા દરમ્યાન એક ભાઇને રોકી તેની પાસેથી રોકડની લુટ કરેલ છે.
7. આજથી આશરે પંદર દિવસ પહેલા ચાંદલોડીયા ગરનાળા પાસે આવેલ દુર્ગા સ્કુલ ખાતે રાત્રીના આશરે દશેક વાગ્યા દરમ્યાન એક ભાઇને રોકી તેની પાસેથી રોકડ રકમની લુટ કરેલ છે.
8. આજથી આશરે પંદર દિવસ પહેલા ચાંદલોડીયા, રણછોડનગર, કૃષ્ણ ડેરીના ખાંચામા એક ભાઇને રોકી તેની પાસેથી રોકડ રકમની લુટ કરેલ છે.
9. આજથી આશરે દશ દિવસ પહેલા ચાંદલોડીયા, રામબાગ ઔડાની પાછળ રાત્રીના આશરે એક વાગ્યા દરમ્યાન એક ભાઇને રોકી તેની પાસેથી રોકડ રકમની લુટ કરેલ છે.
10. આજથી આશરે એક અઠવાડીયા અગાઉ રાત્રીના નવેક વાગ્યાના સુમારે ગોતાથી વૈષ્ણવદેવી સર્કલ વચ્ચે આવેલ મારૂતીનંદન હોટલ નજીક એક ઇસમને માર મારી ચપ્પા વડે ઇજા કરી તેની પાસેથી એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન તથા રોકડ રકમની લુંટ કરેલ છે.

# ઇન્ડિયન પ્રીમીયર લીગની ચેન્નાઇ સુપર કિંગ તથા દિલ્હી કેપીટલ્સ વચ્ચે રમાયેલ ક્રિકેટ મેચ ઉપર અમદાવાદના સાબરમતી વિસ્તારમાં જુગાર સટ્ટાની પ્રવૃત્તી કરતા મુંબઇના બુકીઓને ઝડપી પાડતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહિલ સાહેબ નાઓની સુચના આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી ડી.બી.બારડ નાઓને મળેલ બાતમી હકીકત આધારે સ્કોડના પો.સબ.ઇન્સ. શ્રી જે.પી.રોજીયા નાઓએ સ્ટાફ સાથે સાબરમતી, ધર્મનગર રોડ, પાવર હાઉસની સામે આવેલ સમૃધ્ધી રેસીડેન્સીના બીજા માળે આવેલ ફ્લેટ નં.૨૦૨ ખાતે પોલીસ સ્ટાફ સાથે રેઇડ કરતા જણાવેલ ૨૦૨, સમૃધ્ધી રેસીડેન્સી ફ્લેટમાં રહેતા

(૧) જીત મુકેશ જૈન -ઉ.વ.૨૬, રહે. મકાન નં.૭૦૩, સમૃધ્ધી રેસીડેન્સી, પાવર હાઉસની સામે, ધર્મનગર રોડ, સાબરમતી, અમદાવાદ શહેર તથા મૂળ રહે-: રહે.૫૦૩,૫૦૪, બીલ્ડીંગ-૩૬ જી.એચ., ઓમકાર બીલ્ડીંગ, મુધભાટ ક્રોસ લેન રોડ, મુબઇ

(૨) કુનિક મુકેશ જૈન ઉ.વ.૨૮ રહે-: રહે-: રહે.૫૦૩,૫૦૪, બીલ્ડીંગ-૩૬ જી.એચ., ઓમકાર બીલ્ડીંગ, મુધભાટ ક્રોસ લેન રોડ, મુબઇ.

ઉપરોક્ત નામવાળા બંને ભાઇઓ તા.૦૧/૦૫/૨૦૧૯ ના રોજ ચેન્નઇ સુપર કિંગ્સ તથા દિલ્હી કેપીટલ્સ વચ્ચે રમાઈ રહેલ IPL ક્રિકેટ લીગ મેચનું લાઈવ ટેલીકાસ્ટ જોઈ તે ક્રિકેટ મેચ ઉપર મોબાઇલ ફોનથી ગ્રાહકો સાથે સંપર્ક રાખી સટ્ટાકીય નોંધો લેપટોપમાં કરી નાણાંની હારજીતનો જુગાર રમી-રમાડતા મળી આવતા સદર બંને ઇસમો પાસેથી ગ્રાહકો સાથે ક્રિકેટ મેચ ઉપર સોદાઓ મેળવવા ઉપયોગમાં લેવાતા મોબાઇલ ફોન નંગ-૩ તથા ગ્રાહકો તરફથી મેળવેલ સોદાઓનું કટીંગ (૧) હાર્દિક રહે. મુંબઇ મો.નં.૮૬૫૭૮૧૩૮૦૭ (૨) પંકજ જૈન રહે. મુંબઇ મો.નં.૯૦૮૨૫૫૦૬૭૬ નાઓ પાસે કરાવવા માટે ઉપયોગમાં લેવાતા મોબાઇલ ફોન નંગ-૩ તથા મોબાઇલ ફોન ઉપર મેચની કોમેન્ટ્રી સાંભળવા માટે ઉપયોગમાં લેવાતો બોબડી લાઇનનો મોબાઇલ ફોન નંગ-૦૧ તથા ક્રીકેટ મેચ ઉપર જુગાર રમવા માટેનો ભાવ મેળવવા મૌલીક પટેલ રહે. સુરત મો.નં.૯૮૩૩૨૧૪૪૩૨ વાળા પાસેથી આઇ.ડી. મેળવી લોગ-ઇન કરી ક્રિકેટ મેચ ઉપર જુગારના ભાવ જોવા માટે ઉપયોગમાં લેવામાં આવતો મો.ફોન નંગ-૧ મળી કુલ મો.ફોન નંગ-૮ કબ્જે કરવામાં આવેલ છે.

તેમજ આરોપીઓ દ્વારા ચેન્નઇ સુપર કિંગ્સ તથા દિલ્હી કેપીટલ્સ વચ્ચે રમાઈ રહેલ IPL ક્રિકેટ લીગ મેચનું લાઈવ ટેલીકાસ્ટ જોવા માટે રાખેલ ટી.વી., જી.ટી.પી.એલ. કંપનીના સેટઅપ બોક્ષ સાથેનું તેમજ આરોપીઓ દ્વારા ક્રિકેટ મેચ ઉપર ગ્રાહકો તરફથી મળેલ સોદાઓની નોંધ કરવા ઉપયોગમાં લેવામાં આવેલ લીનેવો કંપનીનું લેપટોપ મળી કુલ કિંમત રૂ.૫૬,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે. આ કામે કબ્જે કરેલ મોબાઇલ ફોન નંગ-૮ તથા લેપટોપમાં સમાયેલ ડેટાની ઉંડાણ પૂર્વક ચકાસણી કરી આ ગુનામાં સંડોવાયેલ મુંબઇના બુકીઓ અંગે તેમજ સંડોવાયેલ અન્ય બુકીઓ અંગેની તપાસ હાથ ધરવામાં આવેલ છે. આ કામના આરોપીઓ ઉપરોક્ત જણાવેલ સ્થળે છેલ્લા બે મહિનાથી IPL ની મેચમાં મોબાઇલ ફોનથી ગ્રાહકો સાથે સંપર્ક રાખી સટ્ટાકીય નોંધો લેપટોપમાં કરી નાણાંની હારજીતનો જુગાર રમી-રમાડતા હોય તેઓ વિરુદ્ધ જુગારધારા કલમ ૧૨ મુજબ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી કરવામ આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.